**અગ્રતા ક્રમ -:** ૭

**વિભાગ :-** શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૮૮૮**

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં પ્રશ્ન પુછવાની તારીખ: ૧૩/૦૨/૨૦૨૪ (બીજી બેઠક)**

**પ્રશ્નનું શિર્ષક :** જુનાગઢ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ** શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા
**અને તેમનો મત વિસ્તાર :** (માંગરોળ)

# અગ્રતા ક્રમ :૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૮૮

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ |
| **પેટા પ્રશ્ન–૧** | જુનાગઢ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા માંગરોળ |
| **પેટા પ્રશ્ન–૨** | ઔધોગિક ભરતીમેળામાં હાજર રહેલ રોજગારવાંચ્છુઓ અને નોકરીદાતાઓ માટે કેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા માંગરોળ |
| **પેટા પ્રશ્ન–૩** | નોકરી મેળવવાની વયમર્યાદા વીતી ગયેલ હોય તેવા રોજગારવાંચ્છુઓને પગભર થવા માટે રોજગાર કચેરી કઈ રીતે મદદરૂપ થાય છે? | શ્રી સંજયભાઇ કોરડીયા જૂનાગઢ |
| **પેટા પ્રશ્ન–૪** | જિલ્લાના દૂરના વિસ્તારોમાં વસતા રોજગારવાંચ્છુઓ જિલ્લા રોજગાર કચેરીની રૂબરૂ મુલાકાત લીધા સિવાય રોજગાર સેવાઓની સુવિધાઓ કેવી રીતે મેળવી શકે? | શ્રી સંજયભાઇ કોરડીયા જૂનાગઢ |
| **પેટા પ્રશ્ન–૫** | શાળા-કોલેજમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને રોજગાર કચેરી કઈ રીતે મદદરૂપ થાય છે? | શ્રી દેવાભાઇ માલમ કેશોદ |

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન**

ક્રમાંક: પ્ર/

તારાંકિત પ્રશ્ન

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/888

વિષય:

જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 11/01/2024 | 07/02/2024 | 22/01/2024 |

*15/4/888 શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી?

----

મેઇન પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

## જુનાગઢ જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ

*15/4/888 : શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ) :– માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, જુનાગઢ ખાતે કેટલા રોજગાર વાંચ્છુઓ નોંધાયેલ છે, અને | (૧) | ૧૧૭૦૧ |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) | ૨૫૦૬ |

---

ગૃહમાં જવાબ મોકલવાની તારીખ:૦૭/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.–૨૬/આર–(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૩૧/૦૧/૨૦૨૪

રોજગાર અને તાલીમ
તારીખ: 05/02/24
આવક નંબર: 34712
શાખા: ગ્રામ

23/6/2/24

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/888 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

(ગગુભા રાજ)
નાયબ સચિવ
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના:–

૧. માન.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન.રા.ક.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર
૩. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા. ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ...આપના તા.૨૫/૦૧/૨૦૨૪ ના પત્ર ક્રમાંકઃ રોતાનિ/વસપ/મીસે–૫/ફા.નં–૦૪/૪૭/૨૦૨૪ અન્વયે જાણ સારુ.
૪. સેકશન અધિકારીશ્રી, સંકલન શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સિલેક્ટ ફાઈલ

મેઈન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત છે.
- રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ પર લાવવામાં આવે છે.
- રોજગારવાંચ્છુ ઉમેદવારો અને નોકરીદાતાઓને અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સરકારશ્રી દ્વારા નામ-નોંધણી, ખાલી જગ્યા પોસ્ટ કરવા, લાયક ઉમેદવારો શોધવા તેમજ રાજ્યભરની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન અરજી કરવા માટે ડીજીટલ માધ્યમ પૂરૂ પાડેલ છે. નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓ ઓનલાઈન પધ્ધતિથી ભરતીમેળાની માહિતી મેળવી શકે છે અને ભાગ લઈ શકે છે.
- આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

## પૂરક માહિતીઃ

- ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવા માટે રોજગાર કચેરીઓ દ્વારા **ભરતીમેળાનું આયોજન** કરવામાં આવે છે તેમજ નોકરીદાતા દ્વારા નોંધાવવામાં આવતી ખાલી જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે. જ્યારે **સરકારી નોકરી માટે** નિયત થયેલ ભરતી નિયમો હેઠળની **વર્ગ-૧ થી ૩ ની** જગ્યાઓની **ભરતી સરકારશ્રીના જુદા-જુદા ભરતી માટેના બોર્ડ કે આયોગ દ્વારા** અલગથી કરવામાં આવે છે, જેનો સમાવેશ રોજગાર કચેરીના આંકડામાં થતો નથી.
- રાજ્યના રોજગારવાંચ્છુઓને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો પુરી પાડવાના હેતુસર રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે ઔદ્યોગિક **ભરતીમેળાના આયોજન થકી રોજગારવાંચ્છુ તથા નોકરીદાતાઓને એક કોમન પ્લેટફોર્મ** પર લાવવામાં આવે છે. આ ભરતીમેળામાં નોકરીદાતાઓને તથા રોજગારવાંચ્છુઓને યોગ્ય બેઠક વ્યવસ્થા, પીવાના પાણી સહીત રીફ્રેશમેન્ટની સુવિધા પુરી પાડવામાં આવે છે, ઉપરાંત **ઈન્ટરવ્યુના સ્થળે પહોંચવા માટે રોજગારવાંચ્છુઓને એસ.ટી.કુપનની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.**
- ભારત સરકારના આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા **ઓક્ટોબર-૨૦૨૩ માં પ્રસિધ્ધ થયેલ વાર્ષિક અહેવાલ અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.**
- રાજ્યની રોજગાર કચેરીના માધ્યમથી **છેલ્લા બે વર્ષમાં કુલ ૫,૮૫,૩૯૦ રોજગારી** પુરી પાડેલ છે જે પૈકી મોટાભાગની રોજગારી મેન્યુફેક્ચરીંગ (ઉત્પાદન ક્ષેત્ર), ટેક્ષટાઇલ, કોમ્પ્યુટરક્ષેત્ર તેમજ બેંક અને વીમાને લગતી સેવાઓમાં પુરી પાડવામાં આવેલ છે.
- એપ્રેન્ટિસશીપ તાલીમ માટે ખાલી જગ્યા નોંધાવતા નોકરીદાતાઓને જગ્યાને અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ યાદી પાઠવવામાં આવે છે

તેમજ આવશ્યકતા અનુસાર ભરતીમેળા અને અનુબંધમ પોર્ટલ મારફતે પણ ઉમેદવારોની વિગતો રોજગાર કચેરીઓ દ્વારા પુરી પાડવામાં આવે છે.

- રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોને સંરક્ષણક્ષેત્રે યોજાતી (ભુમિદળ, હવાઈદળ, નૌકાદળ, બીએસએફ, પેરામિલિટરી દળો...વગેરે) ભરતીપ્રક્રિયાની માહિતી આપવામાં આવે છે. આ ઉપરાંત સેના ભરતી કાર્યાલયો દ્વારા આયોજીત લશ્કરી ભરતીમેળાના આયોજનમાં સહયોગ કરવામાં આવે છે. ગુજરાતના વધુ ઉમેદવારો સંખ્યામાં જોડાય તે માટે તમામ જીલ્લાઓમાં ૩૦ દિવસની શારિરીક તેમજ લેખિત કસોટીની તૈયારી માટે નિવાસી તાલીમ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના યુવાનો માટે પણ અલગથી ખાસ વર્ગ યોજવામાં આવે છે.
- ગુજરાત રાજ્યના રોજગારવાંચ્છુઓ માટે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે અનુબંધમ વેબપોર્ટલ શરૂ કરવામાં આવેલ. જેમાં ઉમેદવારો પોતાના ઘરે બેઠા નામ-નોંધણી કરી શકે છે, નોકરીદાતા તેમની ખાલી જગ્યાઓ ઓનલાઈન પોસ્ટ કરી શકે છે. આ ઉપરાંત નોકરીદાતા દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ રીકવેસ્ટ, ઉમેદવારોની વિગતો શોધવી જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે તેમજ રાજ્યમાં યોજાતા રોજગાર ભરતીમેળાઓમાં ભાગ લઈ શકે છે. આ વેબપોર્ટલની મદદથી નોકરીદાતા તેમજ રોજગારવાંચ્છુ ઉમેદવાર રાજ્યના કોઈપણ જીલ્લામાં યોજાતા ભરતીમેળામાં ભાગ લઈ શકે છે તેમજ નોંધાયેલ ખાલી જગ્યા સામે ઓનલાઈન અરજી કરી શકે છે. આમ, ઉમેદવારને નોંધણીના જીલ્લા કાર્યક્ષેત્ર બહારની ખાલી જગ્યાઓ પણ અરજી માટે ઉપલબ્ધ થાય છે અને નોકરીદાતાને લાયક માનવબળ મળી રહે છે.

મેઈન પેજ પર જાઓ

# **અગ્રતા ક્રમ : ૭**

## **વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૮૮૮**

## **પૂરક નોંધ- જુનાગઢ જિલ્લો**

### ➢ **રોજગાર કચેરીઓ:**

- જીલ્લા રોજગાર કચેરી **જુનાગઢ– સ્નાતક કે તેથી ઓછું ભણેલા ઉમેદવારો માટે**
- યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ બ્યુરો રાજકોટ –**અનુસ્નાતક કે તેથી વધુ અને પ્રોફેશનલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે**

### ➢ **લાઇવ રજીસ્ટર:**

- **જુનાગઢ** જિલ્લાનું લાઇવરજીસ્ટર મુજબ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૧૭૦૧ **ઉમેદવારો** નોંધાયેલ છે.

### ➢ **રોજગારી:**

. **જુનાગઢ જિલ્લામાં** તા.૦૧-૦૧-૨૩ થી તા.૩૧-૧૨-૨૩ દરમ્યાન કુલ – ૨૫૦૬ યુવાનોને રોજગાર કચેરી દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

### ➢ **રોજગાર ભરતીમેળા:**

- **જુનાગઢ જિલ્લામાં** તા.૦૧-૦૧-૨૩થી તા.૩૧-૧૨-૨૩દરમ્યાન કુલ- ૪૫ ભરતીમેળા યોજવામાં આવ્યા જેમાં ૮૯ નોકરીદાતા હાજર રહ્યા અને **૧૫૬૦** ઉમેદવારોની પસંદગી કરવામાં આવી.

# **લાઈવ રજીસ્ટર(જીલ્લો:જુનાગઢ)**

- કોઈ એક ચોક્કસ તારીખે રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યાને લાઈવ રજીસ્ટર કહેવામાં આવે છે.
- ઉમેદવારો નામનોંધણી કરાવે તેનો સમાવેશ લાઈવ રજીસ્ટરમાં થતો જાય છે.
- રોજગાર કચેરીના પ્રયત્નો થકી જે ઉમેદવારોને નોકરી મળે, તે ઉમેદવારોના નામ લાઈવ રજીસ્ટરમાંથી કમી કરવામાં આવે છે.
- દર ત્રણ વર્ષે નામનોંધણી રિન્યુ કરાવવાની હોય છે, જે નામનોંધણી રિન્યુ ન કરાવવામાં આવે તે લાઈવ રજીસ્ટરમાંથી રદ થાય છે.
- આવી રીતે લાઈવ રજીસ્ટરની સંખ્યામાં રોજે-રોજ વધ-ઘટ થતી હોય છે.
- વધુમાં, રોજગાર કચેરી ખાતે નોંધાયેલ તમામ ઉમેદવારો બેરોજગાર હોતા નથી. આગળ અભ્યાસ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓ, નોકરી/સ્વરોજગાર કરતા ઉમેદવારો પણ નામનોંધણી કરાવતા હોય છે.
- આમ, કોઇ એક માસના અંતે લાઈવ રજીસ્ટર=ગત માસ અંતિત લાઇવ રજીસ્ટર

  \+ નામનોંધણી

  \- રિન્યુ ન કરાવવાના કારણે રદ

  \- પ્લેસમેન્ટ

| જુનાગઢ જીલ્લામાં નામ નોંધણી, રોજગારી અને લાઈવ રજીસ્ટરની વિગત | |
|---|---|
| **તા.૩૧/૧૨/૨૦૨૨અંતિત લાઈવ રજીસ્ટર** | **૧૧૨૨૩** |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થીતા.૩૧/૧૨/૨૦૨૩(એક વર્ષ) દરમ્યાન થયેલ નામ નોંધણી | **+૪૦૩૩** |
| કુલ | **૧૫૨૫૬** |
| **તા.૦૧/૦૧/૨૦૨૩ થીતા.૩૧/૧૨/૨૦૨૩દરમ્યાન મેળવેલ પ્લેસમેન્ટ** | **−૨૫૦૬** |
| તા.૦૧/૦૧/૨૦૨૩થીતા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન રદ થયેલ નોંધણી | **−૧૦૪૯** |
| તા.૩૧/૧૨/૨૦૨૩ અંતિત લાઈવ રજીસ્ટર | **૧૧૭૦૧** |

મેન પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૭**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫/૪/૮૮૮**

**પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભગવાનજીભાઇ કરગટીયા માંગરોળ**

પેટા પ્રશ્ન ૧

જુનાગઢ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા રોજગારવાંચ્છુઓ નોધાયેલ છે?

જવાબ

| ક્રમ | તાલુકો | નોંધાયેલ રોજગારવાંચ્છુ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જુનાગઢ | ૩૭૭૬ |
| ૨ | મેંદરડા | ૪૨૫ |
| ૩ | માળીયા | ૧૨૮૬ |
| ૪ | માંગરોળ | ૧૭૪૩ |
| ૫ | કેશોદ | ૧૬૬૫ |
| ૬ | માણવદર | ૧૧૫૬ |
| ૭ | વંથલી | ૭૭૨ |
| ૮ | ભેંસાણ | ૪૨૭ |
| ૯ | વિસાવદર | ૪૫૧ |
| કુલ | | **૧૧૭૦૧ અગીયાર હજાર સાતસો એક** |

**મેઇન પેજ પર જાઓ**

| અગ્રતા ક્રમ : ૭<br><br>તારાંકિત પ્રશ ક્રમાંકઃ૧૫/૪/૮૮૮ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભગવાનજીભાઈ કરગટીયા માંગરોળ** | |
| **પેટા પ્રશ્ન ૨** | **ઔદ્યોગિક ભરતીમેળામાં હાજર રહેલ રોજગારવાંચ્છુઓ અને નોકરીદાતાઓ માટે કેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે .** |
| **જવાબ:** | • રોજગાર વિનિમય કચેરી દ્વારા આયોજીત ભરતીમેળામાં હાજર રહેલ રોજગારવાંચ્છુઓ અને નોકરીદાતાઓ માટે બેસવાની તથા ઈન્ટરવ્યુ લેવા માટેની યોગ્ય જગ્યા, રીફ્રેશમેન્ટ સહીત પીવાના પાણીની સુવિધાઓ આપવામાં આવે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૭**<br><br>**તારાંકિત પ્રશ ક્રમાંકઃ૧૫/૪/૮૮૮** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી સંજયભાઇ કોરડીયા જુનાગઢ** | |
| **પેટા પ્રશ્ન૩** | નોકરી મેળવવાની વયમર્યાદા વીતી ગયેલ હોય તેવા રોજગાર વાંચ્છુઓને પગભર થવા માટે રોજગાર કચેરી કઈ રીતે મદદરૂપ થાય છે? |
| જવાબ: | • રોજગાર કચેરીઓ દ્વારા નોકરી મેળવવાની વયમર્યાદા વટાવી ચુકેલ હોય અને પોતાનો ધંધો-રોજગાર કરી પગભર થવા માંગતા હોય તેવા ઉમેદવારો માટે સરકારશ્રીના જુદા-જુદા વિભાગો હેઠળની સ્વરોજગાર વિષયક યોજનાઓનું અમલીકરણ કરતી કચેરીઓના સહયોગમાં પ્રેરણાત્મક સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે અને સરકારશ્રીની લોન સબસીડી, સાધન- સહાય જેવી યોજનાઓમાં અરજી કરવા માટે માર્ગદર્શન આપી પ્રેરિત કરવામાં આવે છે. |

**મેઇન પેજ પર જાઓ**

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૭** |
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૮૮૮** |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી સંજયભાઈ કોરડીયા જુનાગઢ** |

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન૪** | જીલ્લાના દૂરના વિસ્તારોમાં વસતા રોજગાર વાંચ્છુઓ જીલ્લા રોજગાર કચેરીની રૂબરૂ મુલાકાત લીધા સિવાય રોજગાર સેવાઓની સુવિધાઓ કેવી રીતે મેળવી શકે? |
| **જવાબ:** | • રોજગારકચેરીમાં નામ નોંધણી માટે અનુબંધમ પોર્ટલની ઓનલાઇન સુવિધા ઉપલબ્ધ છે.<br>• રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજ્યના યુવાનો અને નોકરીદાતાઓની સવલત માટે તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ "રોજગાર દિવસ" નિમિત્તે "અનુબંધમ" વેબ પોર્ટલ તથા મોબાઇલ એપ કરવામાં આવેલ છે. આ પોર્ટલ નોકરીદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે. યુવાનો તથા નોકરીદાતાઓએ અનુબંધમ પોટલ પર નોંધણી કરવાની રહે છે.<br>• "અનુબંધમ" વેબ પોર્ટલ રાજ્યના યુવાનોને રોજગારલક્ષી સેવાઓ ડિજિટલ માધ્યમ દ્વારા મળી રહે તેમજ નોકરીદાતાઓને કુશળ માનવબળ આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વિકસાવવામાં આવેલ છે.<br>• આ માધ્યમથી ઉમેદવારો તેમની લાયકાત અને યોગ્યતા મુજબ યોગ્ય રોજગારી મેળવી શકે છે તેમજ નોકરીદાતા તેના એકમમાં રહેલ ખાલી જગ્યાઓની માટે જરૂરીયાત મુજબ ઉમેદવારોની પસંદગી કરી શકે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૭**<br><br>**તારાંકિત પ્રશ ક્રમાંકઃ૧૫/૪/૮૮૮** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી દેવાભાઈ માલમ કેશોદ** | |
| **પેટા પ્રશ્ન૫** | શાળા-કોલેજમાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થીઓને રોજગાર કચેરી કઈ રીતે મદદરૂપ થાય છે? |
| **જવાબ:** | • રોજગાર કચેરીના કાઉન્સિલરો દ્વારા શાળા/કોલેજના વિદ્યાર્થીઓને કારકિર્દી સંબંધીત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. વેબીનાર/સેમીનાર ના આયોજન થકી જાહેર ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે તથા ખાનગીક્ષેત્રે રોજગારીની તકો અંગે માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવે છે. |

**મેઈન પેજ પર જાઓ**